# સરકારી મકાનોનાં રીનોવેશનનું કામ છેલ્લા બે વર્ષથી ચાલુ, છતાં અધૂરું

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરમાં સરકારી આવાસોનું સમારકામ છેલ્લા બે વર્ષથી હાથ ધરાયું છે. જુદા જુદા સેક્ટરોમાં કામ શરૂ તો કરાય છે પણ અધૂરું મૂકી દેવાય છે. ઘણા સેક્ટરોમાં બારી-બારણા, વાયરીંગ, બોર્ડ નાખવાનું કામ પુરું થયું જ નથી. બારીબારણાનો કોન્ટ્રાક્ટ આપ્યો હોવાથી તથા સુવિધા ઓફિસમાં માલસામાન પૂરતો ન હોવાથી કામ ખોરંભે ચડ્યું છે.

રાજધાની વસાહત સેવા મંડળના પ્રમુખ, રજુજી બી. ગોલ અને મહામંત્રી બાબુલાલ સુથારે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગરના સેક્ટરોમાં સરકારી મકાનોનું રીનોવેશન છેલ્લા બે વર્ષથી કરવામાં આવે છે. છતાં કોઈપણ એક સેક્ટરમાં કામ પુરૂ થયું નથી. અને અધુરા કામ છોડી દીધા છે. જેના કારણે મકાનના રૂમમાં ઉપરની છત પરથી પોપળા પડે છે. અને ઘણાને વાગતું હોય છે. રીનોવેશન કરાયા પછી બારી-બારણા બદલવાનું કામ કોન્ટ્રાક્ટ ઉપર આપ્યું છે. છતાં પણ મકાનોના બારી-બારણા બદલાયા નથી. સેક્ટરોના સાહતીઓના ઘરના બાથરૂમ અને મેઈન બારણા નહી નાખવાના કારણે બધા તુટી ગયા છે. તેને થીગડા મારીને ચલાવી રહ્યાછે. થોડા સમય પછી તે પણ તુટી જાય છે. સેક્ટરની સુવિધા ઓફિસોમાં માસ-સામાન્ નહી હોવાના કારણે તે પણ કામ થતું નથી.

સેક્ટરોના સરકારી મકાનોમાં વાયરીંગ ઘણું જુનુ થઈ જવાથી તેના બોર્ડ પણ સાવ ખવાઈ ગયા છે. જેના કારણે બોર્ડ પણ નીકળી જતા હોય છે. અને વાયરીંગ પણ લબડતુ હોય છે. જેના કારણે ભવિષ્યમાં કરંટ લાગવાનો ભય રહે છે. સેક્ટરોમાં પંખાઓ ખરાબ થઈ ગયા પછી સુવિધાના કર્મચારીઓ આવીને કાઢી જાયછે, તે પંખા રીપેરીંગ કરીને નંખાતા નથી. અને તે પંખા સુવિધા ઓફીસના ગોડાઉનમાં પડ્યા-પડ્યા સડે છે. તો તે પંખાઓ બીલકુલ ખરાબ થઈ ગયા હોવાથી તે પંખા નવા નાખવામાં આવે તે જરૂરી છે. હાલમાં ઊનાળો હોવાના કારણે લોકોને ઘણી મુશ્કેલીઓ પડતી હોય છે. બાળકો રડારડ કરતા હોય છે. અને વસાહતીઓ કમ્પલેન કરી કરીને કંટાળી ગયા છે. અને આ વિશે સુવિધા ઓફિસમાં વર્ષોથી કોઈ સાંભળનાર જ નથી. તો આનો તાત્કાલિક નિકાલ લાવવો.

## પોલીસે દારૂ-બિયર ભરેલી રીક્ષા સાથે એકને ઝડપ્યો

### અડધા લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર, તા. ૨૬

ડભોડા પોલીસે આજે બપોરે દહેગામ-નરોડા હાઈવે માર્ગ પર જતી રીક્ષામાંથી ૧૪ નંગ વિદેશી દારૂ તેમજ ૨૪ નંગ બિયરના ટીન સહીત અડધા લાથથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે રીક્ષા ચાલકની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ડભોડા પોલીસે મળેલી બાતમીના આધારે આજે બપોરે દહેગામ નરોડા હાઈવેમાર્ગ પર વોચ ગોઠવી હતી. આ દરમિયાન ૨ વાગ્યાના અરસામાં શંકાસ્પદ માલુમ પડતી રિક્ષાને અટકાવી તપાસ હાથ ધરતા રીક્ષા નં. જી.જે.-૧૮-એ-૩૦૯માંથી ૧૪ નંગ વિદેશી દારૂની બોટલ તેમજ ૨૪ નંગ બિયરના ટીન મળી આવ્યા હતા. આ દરમિયાન પોલીસે રીક્ષા સહિત અડધા લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો જયારે રીક્ષાચાલક દશરથભાઈ પ્રતાભાઈ વાઘેલાની ધરપકડ કરી હતી. આ અંગે ડભોડા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એમ.સી. ડાભીએ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સેક્ટર-૩ વસાહત મંડળ ૧લીથી અચોક્કસ મુદતના ઉપવાસે ઉતરશે

### લાઈટ, બગીચાનો વિકાસ, સરકારી દવાખાનું, પાણી અને આંતરિક રોડના પ્રશ્નો અદ્ધરતાલ...

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરે હવે મહાનગરપાલિકાનો તાજ ગ્રહણ કર્યો છે ત્યારે સ્થાનિક સેક્ટરોના પ્રશ્નોનો હલ છેલ્લા ઘણા સમયથી આવ્યો નથી. જૂના સેક્ટરો હોય કે નવા સેક્ટરો હોય દરેક સેક્ટરમાં નાના-મોટા પ્રશ્નો વસાહતીઓ ભોગવી રહ્યા છે. તંત્રને વસાહતીઓ વારંવાર જાણ કરે છે છતાં તેમાં કોઈ વિકાસાત્મક સુધારા થતા નથી. ગાંધીનગર સેક્ટર-૩ વસાહત મંડળે સ્થાનિક પ્રશ્નો બાબતે તંત્રના અયોગ્ય સહકાર સામે અચોક્કસ મુદતના ઉપવાસ પર ઉતરવાનો નિર્ણય કર્યો છે.

સેક્ટર-૩ વસાહત મંડળના મંત્રી નરસિંહભાઈ પરમારે જણાવ્યું છે કે, છેલ્લા ઘણા સમયથી સેક્ટરમાં બગીચાનો વિકાસ થયો નથી. નાના-નાના ભૂલકાઓને વડીલોને સંધ્યા સમયે કે સવારે યોગ, કસરત, આત્મીક ગોષ્ઠી કરવી હોય તો તેઓ ક્યાં જાય ? બગીચામાં બેઠક વ્યવસ્થા, લાઈટની સુવિધા, ફૂલ-છોડ, બાળકોને રમવાના જરૂરી સાધનો હોય તો ઘણું સારૂ ગણાય. આ બાબતે તંત્રને વારંવાર જાણ કરવામાં આવી છે પરંતુ તેનું કોઈ નક્કર પરિણામ મળ્યું નથી. વસાહતીઓને નાની-મોટી બિમારી માટે દૂરના દવાખાને જવું પડે છે. જો કે સેક્ટરમાં સરકારી દવાખાનાનું બિલ્ડીંગ છે પણ કેટલાય સમયથી તે બંધ હાલતમાં છે. આ દવાખાનું ચાલુ કરવામાં આવે તો સ્થાનિક વસાહતીઓને ઈમરજન્સીમાં દૂર જવું ન પડે અને જરૂરી સારવાર મળી શકે ! પાણી બાબતે પણ કેટલાક પ્રશ્નો છે. પાણીનો સમય બે વાર કરવામાં આવે તે જરૂરી છે. ઉનાળાના દિવસોમાં પાણીનો વપરાશ વધી જાય છે. આવી સ્થિતિમાં બે વાર પાણી આવે તો ગૃહિણીઓ પૂરતા પ્રમાણમાં પાણીનો સદ્‌ઉપયોગ કરી શકે. ખાસ તો સેક્ટર-૩ના આંતરિક રોડ રીપેરીંગ કરવા જેવા બન્યા છે. ઘણી જગ્યાએ રોડ તુટી ગયા છે. જેથી ઘણીવાર વાહનોને પંચર, સ્લીપ ખાવી, ટાયર ફાટવા જેવા બનાવો બને છે. તંત્ર આ બાબતે જરૂરી ધ્યાન લે તે માટે વસાહત મંડળના હોદેદારો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી.

વસાહત મંડળ સેક્ટર-૩ના પ્રમુખ રાજેશભાઈ ભટ્ટ અને મહામંત્રી નરસિંહભાઈ પરમારે આ બાબતે કોઈ હકારાત્મક પ્રતિસાદ ન મળતાં ગંભીર વિચારણા કરી ૧લી મે-૨૦૧૨ને ગુજરાત રાજ્ય સ્થાપના દિનથી અચોક્કસ મુદતના ઉપવાસ પર જવાનો નિર્ણય કર્યો છે. તેમણે જણાવ્યું છે કે, આ નિર્ણય પછી ઉદ્‌ભવનાર તમામ પરિસ્થિતિ અંગે સરકાર સંપૂર્ણ જવાબદાર રહેશે. વસાહતના સર્વે મિત્રોને ૧લી મે ના રોજ દવાખાના પાસે, સેક્ટર-૩-સી ખાતે અચૂક હાજર રહેવા જણાવાયું છે.

## આજે સામુહિક આરોગ્ય કેન્દ્ર સાદરામાં વિકલાંગ મેડિકલ કેમ્પ યોજાશે


ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીના જણાવ્યાનુસાર આજે તા. ૨૭મી એપ્રિલ-૨૦૧૨ને બપોરે ૩ કલાકે સામુહિક આરોગ્ય કેન્દ્ર સાદરા ખાતે વિકલાંગ મેડિકલ કેમ્પ યોજાશે. વિકલાંગજનોને નિષ્ણાંત તબીબો દ્વારા પરીક્ષણ કરી મેડીકલ પ્રમાણપત્ર તથા કલ્યાણકારી યોજનાઓની જરૂરી સમજ આપવામાં આવશે. સમગ્ર મેડિકલ કેમ્પમાં ઓર્થોપેડિક સર્જન, આંખના સર્જન, કાન, નાક, ગળાના સર્જન તેમજ માનસિક રોગના તબીબો હાજર રહી ઉપયોગી માર્ગદર્શન તથા નિદાન આપશે.

જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી ગાંધીનગર એમ.એન.બલાતે અખબારી યાદીમાં જણાવ્યું છે કે ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તેમજ નિયામક સમાજ સુરક્ષા ખાતુ ગુજરાત રાજ્ય તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તેમજ આરોગ્ય કમિશનરની કચેરીના સંયુક્ત ઉપક્રમે મુખ્ય જિલ્લા તબીબી અધિકારી સહ સિવિલ સર્જન જનરલ હોસ્પિટલ ગાંધીનગર દ્વારા આજે તા. ૨૭ એપ્રિલ-૨૦૧૨ના રોજ બપોરે ૩.૦૦ થી ૫.૦૦ સુધી સામુહિક આરોગ્ય કેન્દ્ર સાદરા ખાતે વિકલાંગ મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં હજુ સુધી જે વિકલાંગ જનોએ તબીબી પરિક્ષણ કરાવી મેડિકલ પ્રમાણપત્ર કઢાવેલ ના હોય તેવા અપંગોએ મેડિકલ સર્ટી કઢાવવા માટે પાસ્ટપોર્ટ સાઈઝના બે કલર ફોટો તેમજ અસલ રેશન કાર્ડ તેમજ તેની બે ઝેરોક્ષ નકલ સાથે વિકલાંગ મેડિકલ કેમ્પના સ્થળે નિયત કરેલા સમયે હાજર રહેવા જણાવવામાં આવે છે. તેમજ વિકલાંગ કલ્યાણકારી યોજનાઓની સમજ પણ આપવામાં આવશે.

સદર કેમ્પોમાં ઓર્થોપેડીક સર્જન, આંખોના સર્જન, કાન, નાક, ગળાના સર્જન, તેમજ માનસિક રોગના નિષ્ણાંત તબીબી ડોક્ટર ગાંધીનગરના સાદરા ખાતેના કેમ્પમાં હાજર રહેશે. તથા વિકલાંગજનોનું તબીબી પરીક્ષણ કરી મેડીકલ પ્રમાણપત્ર આપશે.

## સદ્‌ભાવના યાત્રા સાથે કાલુરામ પ્રભુ રામજી રાવલ ગાંધીનગર પહોંચ્યા



અમદાવાદ સારંગપુરના રહેવાસી તથા રાજસ્થાનના શિહોરીના વતની અને તા. ૧લી એપ્રિલના રોજ જમ્મુ કાશ્મીરથી કન્યાકુમારી સુધી સાઈકલ દ્વારા સદ્‌ભાવના યાત્રા શરૂ કરેલ છે. તે યાત્રાના પડાવ તા. ૨૫મીએ ગાંધીનગરના સેકટર-૨૪ અને ૭ તથા અન્ય સ્થળોએ સદ્‌ભાવના યાત્રાનો સંદેશો પહોંચાડ્યો હતો.

શ્રી કાલુરામ પ્રભુરામજી રાવલ ૬૮ વર્ષના જૈફ વયે છે. સાયકલ યાત્રા પર નીકળેલ છે. તેઓનો મૂળ ધ્યેય સદ્‌ભાવના, વ્યસન મુક્તિ, શુદ્ધ આહાર તથા દેશ ભક્તિના ધ્યેયથી આ યાત્રા ધ્યેય છે. તમામ ખર્ચ તેઓ સ્વ બળે સ્વખર્ચ ભોગવે છે. તેમને પાંચ પુત્રો અને ૪ દિકરીઓ અને પત્ની છે. જેમના સહયોગથી શ્રી કાલુરામ પ્રભુરામજી રાવલે સદ્‌ભાવનાની યાત્રા શરૂ કરેલ છે. રસ્તામાં તમામ જગ્યાએ સુંદર સહકાર સાંપડ્યો છે. સદ્‌ભાવના યાત્રી કોઈની પાસે ફાળો કે અન્ય અપેક્ષા સેવતા નથી.

## ગાંધીનગર દશનામ ગોસ્વામી સમાજની પરિચય પુસ્તિકા તૈયાર કરાશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર દશનામ ગોસ્વામી સમાજના પ્રમુખ સંજયગીરી ગોસ્વામીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગર દશનામ ગોસ્વામી સમાજના ગાંધીનરમાં વસતા તેમજ ગાંધીનગરમાં નોકરી કરતા જ્ઞાતિબંધુઓની નવીન પરિવાર પરિચય પુસ્તિકા તૈયાર કરવામાં આવશે. જ્ઞાતિબંધુઓએ આ અંગેના ફોર્મ ભર્યા ન હોય તો તેમણે સમાજના મંત્રી નરેશપુરી ગોસ્વામીનો મો. નં. ૯૩૭૫૮૩૬૭૫૩ અથવા ૮૭૩૫૦૧૮૭૦૧ પર સંપર્ક કરવો.

## સરઢવમાં રેવાબાઈ હૉસ્પિટલ ખાતે હરસ, મસા કૅમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

સરઢવ ગ્રામ વિકાસ મંડળ સંચાલિત રેવાબાઈ જનરલ હૉસ્પિટલ સરઢવ ખાતે મે-જૂન ૨૦૧૨ દરમિયાન દર મંગળવાર તથા ગુરુવારે બપોરે હરસ-મસા, ભગંદરની તપાસ તથા જરૂર જણાયે રાહત દરે ઑપરેશ ડૉ. હિતેશભાઈ પટેલ (એમ.એસ.એફએમ.એ.એસ) દ્વારા કરવામાં આવશે. આ કૅમ્પમાં હરસ-મસા, ભગંદરની તકલીફવાળા દર્દીઓ લાભ સંસ્થાની યાદીમાં જણાવવામાં આવેલ છે. આ અંગેનો સંપર્ક ફોન નં. ૨૩૨-૭૦૧૭૮ છે.

## વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટ દ્વારા અતિ વંચિત પરિવારોને અન્ન-ખાદ્ય સામગ્રી વિતરણ

ગાંધીનગર, ૨૬

ગામડામાં અને શહેરી વિસ્તારની ઝુંપડપટ્ટીઓમાં મોટેભાગે રેશન કાર્ડ, બીપીએલ કાર્ડ કે મતદાર કાર્ડ મેળવવાની શક્તિ આવડત કે જાગૃત્તિના અભાવે એક આખો વંચિત પીડિત વર્ગ છે. જેમાં કેટલાક વયોવૃદ્ધો, રોગી, ત્યજાયેલા પણ છે. વળી, તેઓ કોઈ વૃદ્ધાશ્રમમાં પણ રહેવા યોગ્ય હોતા નથી. અને વદ્ધાશ્રમમાં પણ જગ્યા નથી. તે આપણી દુઃખદ સાંપ્રત સમસ્યા છે.

દર તાલુકે કે દોઢેક લાખની વસ્તીએ એક વૃદ્ધાશ્રમ હોય તેવી વરિષ્ઠ નાગરિકો માટેની સરકારી નીતિ ભલે હોય પણ તેના અમલને તો સમય લાગશે. વરિષ્ઠ નાગરિક સંસ્થાઓ, સ્વૈચ્છિત સંસ્થાઓ, વ્યક્તિ વિશેષો, સંપન્ન સદગૃહસ્થો કંઈક કરી છૂટે તો આ પરિસ્થિતિ હળવી બને માનવસેવાનું યજ્ઞકાર્ય થાય.

આ વંચિતોની પ્રથમ ક્રમે અન્નખાદ્ય સામગ્રીની જરૂરીયાત છે. તેમનું પોષણ થાય તેટલી માત્રામાં આ ખાદ્ય પદાર્થો પહોંચાડાય તો કુપોષણ કારણે થતા રોગોથી બચે. આર્થિક આરોગ્યમાં રાહત મળતાં અસામાજિક પ્રવૃત્તિઓ અટકે. ઉછરતી પ્રજાને સારા નાગરિક બનવાની પ્રેરણા મળે. આ ભગીરથ કાર્ય શરૂ કરવું સરળ છે. પરંતુ નિભાવવું બહુ જ કપરૂ અને મુશ્કેલી ભર્યું છે. તો સંવેદનશીલ નાગરિકો સંસ્થાઓ આ કામ ઉપાડે તો જ યોજના લાંબા સમય ચાલી શકે .

આવા એક વ્યકિતના પરિવાર માટે જરૂરી કેલેરી-પ્રોટીન મળી રહે તેવી એક મહિનાની ખાદ્ય સામગ્રી માટે લઘુત્તમ સહાય ખાદ્યાન પેકેજ રૂપિયા ૮૦૦ વ્યકિતગત થાય છે. વાર્ષિક રૂપિયા ૧૦,૦૦૦ની જરૂ પડે.

ગાંધીનગરના વિસ્તાકમાં ૧૩ આંગણવાડીઓ અતિ કુપોષીત બાળકોને પૌષ્ટિક આહાર આપવાનું ચાલુ છે. આવા ૧૪ જેટલા પરિવારો શોધી કાઢેલ છે. તેઓને ફેબ્રુઆરીમાં ખાદ્ય પુરવઠો પહોંચાડ્યો હતો. તો સેવાયજ્ઞમાં ઉદાર મને સહયોગ આપવા આ સરનામે સંપર્ક કરવા વિનંતા છે.

અમૃતભાઈ મોઢ પ્રમુખશ્રી વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટ, શ્રી બીપીનભાઈ વૈષ્ણવ( ૨૩૨૨ ૩૧૮૦), શ્રી ડાહ્યાભાઈ બી. પટેલ (૨૩૨૨ ૪૯૭૮), શ્રી કુંવરજીભાઈ પટેલ ઉપ પ્રમુખ, શ્રી નારાયણભાઈ પટેલ, કોષાધ્યક્ષનો સંપર્ક કરવો.

## યારી હૈ ઈમાન મેરા, યાર મેરી જિંદગી

૧૯૮૯થી ૨૦૧૨ એકધારા ૨૨-૨૩ વર્ષથી મિત્રતાની સરવાણી કેન્દ્રીય વિદ્યાલય સેકટર-૩૦માંથી નીકળી, તે આજ સુધી વહે રાખે છે.

નરીન્દર જસ્સલ- પંજાબી, સુનિલ શાહ- બિહારી અને યજુવેન્દ્રસિંહ ઝાલા- ગુજરાતી દરબાર. ખરેખર મિત્રતાને કોઈ પ્રદેશના કે નાત-જાતના સીમાડા નથી નડતા તે આ મિત્રોએ સાબિત કરી દીધું છે.

પરગજુ સ્વભાવ, જિંદગીને જોવાનો જિંદાદીલ એટીટ્યુડ- આ ત્રણેયની સામ્યતા. ચોથા ધોરણથી નરીન્દર અને સુનિલ મિત્રો છે. તો ધોરણ-૧૧થી યજુવેન્દ્રસિંહ આ બંનેના મૈત્રી- ઝરણામાં ભળી ગયો. પછી તો છેક કોલેજ સુધી ભણતર સાથે જ કર્યું અને આજે નરીન્દર જસ્સલ એક જાણીતી અંગ્રેજી માધ્યમની સ્કૂલમાં શિક્ષક છે. તો બીજા બંને મિત્રો એચ. આર. મેનેજરની પોસ્ટ પર છે. છતાં પણ આમની મિત્રતા આજે પણ અકબંધ છે.

પાંચ- છ વર્ષ પહેલાં સુનિલનો વસ્ત્રાપુર પાસે અકસ્માત થયો તો એક જ રીંગ પર બંને મિત્રો ગાંધીનગરથી તાબડતોબ અડધી રાતે સંજીવની હોસ્પિટલ પહોંચી ગયા.


ગ્રેજ્યુએશન પછી બધાના વિરોધ હોવા છતાં નરીન્દર સાથે સુનિલ અને યજુવેન્દ્ર હતા. તેથી તેણે બી.એડ. કર્યું અને આજે તેના કારણે જ શહેરની પ્રતિષ્ઠિત સ્કૂલમાં ટીચર છે.

આર્મી બેકગ્રાઉન્ડવાળા યજજુ (મિત્રો યજુવેન્દ્રસિંહને પ્રેમથી યજજુ કહે છે.)નો સ્વભાવ શરૂઆતમાં ફોજી જેવો કડક જ હતો. સુનિલ અને નરીન્દરને લાગ્યુ કે આ 'બાપુ' આપણી જોડે ફીટ નહીં થાય પરંતુ, ધીરે ધીરે નારીયળ જેવા યજુવેન્દ્રસિંહનો અંદરનો પોચો મુલાયમ અને બીજાની માટે કરી છૂટવાની ભાવનાવાળો સ્વભાવ સુનિલ અને નરીન્દરથી છૂપો ન રહ્યો.

છ વર્ષના ટીચીંગ પછી નરીન્દરને એલ.આઈ.સી.માં ડેવલોપમેન્ટ ઓફિસરની પોસ્ટ મળી ગઈ. અને ખુશી ખુશી તેણે ફિલ્ડ ચેન્જ કરી લીધું. પરંતુ છ જ મહિનામાં શિક્ષક જીવ એવા નરીન્દરને ભાવ થયું કે પોલિસી ઉતારવી, વીમા એજન્ટ બનીને કામ કરવાનું તેના બસની વાત નથી. પરંતુ પરિવારના આગ્રહના કારણે અને દૂરથી સારી લાગતી કાટાળી ખુરશીવાળી નોકરી નરીન્દરે બે વર્ષ સુધી કરી.

છેવટે તે સમયે પણ યજુવેન્દ્રસિંહ અને સુનિલ મિત્રધર્મ નિભાવ્યો અને નરીન્દરને હૈયાધારણ આપી કે, જ્યાં જોબ સેટીસ્ફેકશન મળતું હોય ત્યાં જ નોકરી કર. અને ફરી નરીન્દરના મનગમા ટીચીંગના પ્રાફેશનમાં આવી જવા પીઠબળ પુરું પાડ્યું. આ સમયે પણ નરીન્દરે પરિવાર અને સમાજના સામા પ્રવાહે તરવાનું હતું. બધાની મનાઈ અને ના મરજી વિરુદ્ધ નરીન્દરે ફિલ્ડ ચેન્જ કર્યું. અને આ બાબત તેના જીવનનું ટર્નિંગ પોઈન્ટ બની. આ કપરા કાળ દરમ્યાન બંને મિત્રોએ તેને આર્થિક, માનસિક રીતે ખૂબ સપોર્ટ કર્યો જેન ફળ રૂપે આજે નરીન્દર આજે સફળ શિક્ષક છે. બાકી તો નરીન્દરને ત્યાં લોહરી ત્યોહાર હોય કે સુનિલના ઘરે છઠ પૂજા હોય પરિવાર ભેગા મળીને ઉત્સવ ઉજવે છે.

ત્રણેય મિત્રોના પરિવાર એક બની ગયા છે. વિવિધતામાં એકતા એવી તેમની મિત્રતા છે. ઈશ્વરને પ્રાર્થના કરીએ કે તેમની આ નિઃસ્વાર્થ અને અતૂટ મિત્રતા પર આર્શીવાદ વરસાવતા રહે .



સંબંધ સજાવે જિંદગી

**ભાઈ જેવો ભાઈબંધ**

- જય ઓઝા

gsrelation@yahoo.com

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૨૪

સૂર્યાસ્ત : ૦૭.૦૩

### તાપમાન

મહત્તમ : ૩૮.૨ ડિ.સે.

લઘુત્તમ : ૨૬.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૬૩ ટકા ● સાંજે ૨૮ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧ :** ધ એવેન્જર (હિન્દી) : ૧૦.૩૦
તેઝ : ૧.૩૦, ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦

**સ્ક્રીન-૨ :** તેઝ : ૧૦.૦૦, ૧૨.૧૫, ૨.૩૦, ૭.૪૫, ૧૦.૩૦
ધ એવેન્જર (અંગ્રેજી) : ૫.૦૦

**સ્ક્રીન-૩ :** તેઝ : ૧.૩૦, ૫.૦૦
ધ એવેન્જર (હિન્દી) : ૨.૧૫, ૭.૩૦, ૧૦.૧૫
હાઉસ ફૂલ ૨ : ૧૧.૧૫

**સ્ક્રીન-૪ :** લાઈફ કી તો લગ ગઈ : ૧૦.૦૦, ૫.૧૫
હેટ સ્ટોરી : ૧૨.૩૦
વીકી ડોનર : ૩.૦૦
તેઝ : ૧૦.૧૫
હાઉસ ફૂલ ૨ : ૭.૩૦, ૧૦.૩૦

**સિને મેક્સ**

**સ્ક્રીન-૧ :** ધ એવેન્જર ૩-ડી(હિન્દી) : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :** તેઝ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૩ :** વીકી ડોનર : ૯.૩૦, ૧૨.૧૫, ૨.૪૫, ૭.૪૫, ૧૦.૧૫
હેટ સ્ટોરી : ૫.૧૫

**સ્ક્રીન-૪ :** હેટ સ્ટોરી : ૯.૪૫, ૧૨.૪૫
હાઉસ ફુલ ૨ : ૩.૧૫, ૬.૩૦, ૯.૪૫

**સૂર્યા, વાવોલ**

તેઝ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
જુરાસિક આઈલેન્ડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**સામાજિક**

- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા આયોજિત સમૂહ યજ્ઞોપવિત અને સમૂહ લગ્ન નિમિત્તે બ્રહ્મભવન સેકટર-૧૬ ખાતે રાત્રે સંગીત સંધ્યાનું આયોજન

### આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ :** સામાજિક ક્ષેત્રોથી લાભ થઈ શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરે થઈ શકે છે. દિવસ આનંદમયરીતે પસાર થાય.

**વૃષભ :** વ્યાપારિક ભાગીદારી, કૌટુંબિક વિવાદ વગેરે માટે ભાગ્ય વર્ધક યાત્રાઓ થઈ શકે છે. કલાક્ષેત્ર સાથે જોડાયેલને લાભ મળી શકે છે. નાણાંકીય ક્ષેત્રે સમસ્યાઓ ઉભી થઈ શકે છે. ધ્યાન પૂર્વક આયોજન કરવા.

**મિથુન :** ઈચ્છિત કાર્યો થઈ શકે છે. વિરોધીઓ સમજૂતી કરી શકે છે. વેપારમાં ,સમાજમાં તમારા બુદ્ધિચાતુર્ય અને દૂરદર્શિતાની પ્રશંસા થાય. દરેક કાર્ય તમે પૂરા ઉત્સાહ અને ઉમંગ સાથે કરશો.

**કર્ક :** ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ કરવા પાછળ પ્રેરાશો. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં તમારું મન પરોવાશે.

**સિંહ :** નવા સંબંધો બંધાશે. સત્સંગમાં તમે જોડાશો. માનસિક શાંતિ જાળવી રાખવી હિતાવહ બની રહે. વ્યાપાર- વ્યવસાય ક્ષેત્રમાં દિવસ મધ્યમ રહે.

**કન્યા :** યાત્રા થઈ શકે છે. તમારા ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકે છે. દામ્પત્ય જીવનમાં સુખની કમી આવી શકે છે.

**તુલા :** સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો તરફ તમે પ્રેરાશો. દરેકનો તમને સાથ સહકાર મળી રહે.

**વૃશ્ચિક :** મિત્રો સહયોગ નહીં કરી શકે. વેપાર- વ્યવસાય મધ્યમ રહી શકે છે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહમાં ઘટાડો થઈ શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**ધન :** સ્નેહીજનો- મિત્રોથી મુલાકાત થઈ શકે છે. કાર્યોમાં ઉન્નતિ થઈ શકે છે. હાથમાં લીધેલા નવા કાર્યોમાં સ્ફૂતિ અને જોશ રહેશે. ધાર્મિક બાબતે તમારી રુચિમાં વધારો થતો જણાશે. કોઈ વ્યક્તિગત સમસ્યા રહી શકે છે.

**મકર :** નવી કાર્યયોજનાના ઘડાઈ બની શકે છે. પ્રેમ સંબંધોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં શાંતિનું વાતાવરણ જળવાઈ રહેશે. સામાજિક ક્ષેત્રે માન- સન્માન પ્રાપ્ત થશે.

**કુંભ :** તમારી બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થઈ શકે છે. શત્રુઓથી તમને હાનિ ન પહોંચે તેની તકેદારી રાખવી. કોર્ટ- કચેરીને લગતાં કેસોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**મીન :** માનસિક અસ્થિકતા દૂર થશે. જમીન, વાહન, મશીન સંબંધીથી વ્યવસાયમાં લાભ મળી શકે છે. સામાજિક કાર્યોમાંથી માન- સન્માનમાં વધારો થઈ શકે છે.

### ચિરવિદાય

- સ્વ. જ્યોત્સનાબેન રામચંદ્ર ગોળ (ઉ. વ. ૬૯) પ્લોટ નં. ૩૯/૧, સૂર્યનારાયણ સોસાયટી, સેકટર-૨૫ ન્યુ, ગાંધીનગર.
- સ્વ. આશાબેન વિદ્યાસાગર જોશી (ઉ. વ. ૭૩) પ્લોટ નં. ૯૧૫/૨, સેકટર-૫/સી, ગાંધીનગર.
- સ્વ. ચંપાબેન રઘુરામ જોશી (ઉ. વ. ૬૦) જી. ઈ.બી. કોલોની મકાન નં. વી-૧/૪, ગાંધીનગર.
- સ્વ. મંગુબેન નટવરભાઈ પટેલ (ઉ. વ. ૭૦) મુ. પો. રાંધેજા તા., જિ. ગાંધીનગર.
- સ્વ. સીતાબેન સેંધાભાઈ પ્રજાપતિ (ઉ. વ. ૭૦) મુ. પો. આમજા તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ચંચળબા મંગાજી ચૌહાણ (ઉ. વ. ૧૦૫) મુ. પો. હાલીસા તા.દહેગામ, જિ. ગાંધીનગર.